# હીંદુ : વીચીત્રતાથી વીશેષતા સુધી...

--ચન્દ્રકાન્ત બક્ષી

હીંદુ વીશેષતાઓ, વીરોધીતાઓ, વીચીત્રતાઓ વીશે તટસ્થ અને સંતુલીત પૃથક્કરણ કરવું અઘરું છે; કારણ કે સંસ્કૃતીની પાછળ હજારો વર્ષોની ઉત્ક્રાંતી છે. સભ્યતા કે સંસ્કાર એ સંસ્કૃતીના ઉદ્‌ગમ પછી આવે છે. સભ્યતાની જુદી જુદી વ્યાખ્યાઓ પ્રજાઓની રસરુચી પ્રમાણે આવતી રહી છે. એક સુફી ચીંતકે કહ્યું કે અગરબત્તીની જેમ જલી ગયા પછીની સુવાસ એ સભ્યતા છે. ઓસવાલ્ડ સ્પેંગ્લરનું વીધાન હતું કે સંસ્કૃતી જંગલમાં ફાટેલું જંગલી ફુલ છે; સભ્યતા મારા કુંડામાં ઉગાડેલું મારું ફુલ છે. સંસ્કાર અને સભ્યતા નીકટવર્તી શબ્દ છે. હીંદુ સંસ્કૃતી, સંસ્કાર, સભ્યતામાં સારું શું હતું, ખરાબ શું હતું?

રાજ કપુરની એક ફીલ્મમાં એક વાક્ય આવતું હતું, આ દેશમાં ભીખારીને પૈસા ન આપનાર માણસ પણ કહે છે : માફ કરો ! પૈસા ન આપી શકવા માટે મને માફ કરો ! કોઈ પ્રજા પાસે આટલી શાલીન ભાષા નથી. વેશ્યા પણ મંદીરમાં પ્રવેશ કરતી વખતે માથે ઓઢી લે છે. પુસ્તકને પગ અડી જાય તો નમસ્કાર કરી લેવાય છે. બહાર ચપ્પલ કાઢવામાં આવે છે. હીંદુ સંસ્કારધારામાં અલગ-અલગ શબ્દો અને વીધીઓ છે. નાનો માણસ મોટાની 'પ્રશંસા' કરે છે, અને મોટો માણસ નાનાની તારીફ કરે તેને માટે 'શંસા' શબ્દ છે. સ્ત્રીની ચામડી માટે સંસ્કૃત શબ્દ 'ત્વચા' છે; પણ પુરુષની ચામડી માટે જે શબ્દ વપરાયો છે એ છે 'ત્વક્' ! નાનાને 'આશીર્વાદ' અપાય છે, સમાનને 'નમસ્કાર' થાય છે, મોટાને 'પ્રણામ' કરાય છે. પણ નમસ્કાર શબ્દ બહુ વ્યાપક છે, અને એની મુદ્રાઓ ભરતનાટ્યમ્ નૃત્યમાં અંજલીહસ્તમ્ ક્રીયા તરીકે દક્ષીણ ભારતમાં પ્રસીદ્ધ છે. મીત્ર માટે છાતી સામે બે હાથ જોડીને નમસ્કાર થાય છે, ગુરુને નમસ્કાર કરવા હોય તો આંખોની સામે હાથ જોડાય છે અને આશય એ હોય છે કે ગુરુની આંખોમાં આંખો નાખીને જોવાતું નથી અને ભગવાનને નમસ્કાર માથાની ઉપર બે હાથ જોડીને થાય છે. નમસ્કાર બહુ આયામી છે. નમસ્કારની જેમ જ તીલક કરવાના પણ નીયમો હોય છે. સૌથી નાની આંગળી, કનીષ્ટીકાથી બહેન ભાઈને રક્ષાબંધન સમયે તીલક કરે છે. ત્રીજી આંગળી અનામીકાથી ભગવાનની મુર્તીને તીલક થાય છે. પ્રથમ આંગળી તર્જની છે, જેના દ્વારા શ્રાદ્ધનું તીલક થાય છે. અંગુઠાથી પતીને કે વીરને તીલક થાય છે. સૌથી મોટી બીજી આંગળી મધ્યમા છે, જે સૌથી લાંબી છે.

આજે આપણા સાધુબાવાઓ પ્રશ્નોથી દુર ભાગે છે; પણ પુરો હીંદુ ધર્મ પ્રશ્ન અને ઉત્તર પર આધારીત છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અર્જુનના પ્રશ્નો છે અને શ્રી ભગવાનના ઉત્તરો છે. મહાભારતમાં વીદુરનીતી પ્રશ્નો છે. દ્રૌપદી દ્યુતસભામાં પ્રશ્ન કરે છે, યક્ષ યુધીષ્ઠીરને પ્રશ્નો પુછે છે. શ્રીમદ્ ભાગવત્‌માં શીષ્યોના પ્રશ્નો છે. ઉપનીષદમાં પશ્નો જ પશ્નો છે, અને એક ઉપનીષદનું નામ છે : પશ્નોપનીષદ ! બુદ્ધ શીષ્યોના પશ્નોના ઉત્તરો મઝ્ઝીમનીકાયમાં આપે છે. પશ્નો સંશયને સપાટી પર લાવે છે, અને ઉત્તર સંશયનું નીરસન કરે છે. પશ્નો , વાદ-પ્રતીવાદ, તર્ક-વીતર્કના કાળમાં હીંદુત્વ એની બૌદ્ધીક ઉચ્ચતમ સીમા પર પહોંચી ગયો હતો. પશ્નો પુછાતા બંધ થયા, નવા વીચારો આવતા બંધ થયા, અને હીંદુત્વમાં જડતા અને મુઢતા પ્રવેશતાં ગયાં. નકારાત્મક-સંરક્ષણાત્મક ભાવ વાયરસની જેમ ઉતરતો ગયો, હીંદુઓ હારતા ગયા અને એમને પરાજયબોધમાંથી ભક્તીનો મહીમા સમજાતો ગયો. હીંદુ પુરુષાર્થમાંથી હટીને પ્રાકૃતનનું શરણ લેવા લાગ્યા. બુદ્ધીમાન ચીંતકો આપણી ઉણપો, કમીઓ, વીચીત્રતાઓનો અભ્યાસ કરવા લાગ્યા. આપણાથી દસમા ભાગની સંખ્યાવાળા આક્રમકો શા માટે આપણને ઈતીહાસમાં હરાવતા ગયા? હીંદુ સૈનીકો બગદાદ કે દમાસ્કસ જીતવા ગયા નથી..!

અને અહીંસા પરમો ધર્મ રટતા રહેવાથી આક્રમકોનો પ્રતીકાર થઈ શકતો નથી. શાસ્ત્ર કે શસ્ત્ર, ભક્તી કે શક્તી, જેવા પ્રશ્નો ફોકસમાં આવી ગયા.

આપણા ઈતીહાસમાં ઈતીહાસબોધની દષ્ટી બહુ ઓછી છે, અને યુદ્ધશાસ્ત્ર તો લગભગ ગાયબ છે. મહાભારતનું યુદ્ધ છે, એ યુદ્ધરચના પણ છે; પણ એ વખતે કે પછી રેખાંકનો કદાચ ન હતા, અથવા એમને મહત્ત્વ અપાયું નથી. આપણા ઈતીહાસમાં યુદ્ધના નકશાઓ નથી. પોરસથી પાણીપતનાં ત્રીજા યુદ્ધ સુધી, એટલે કે લગભગ બે હજાર વર્ષો સુધી, યુદ્ધમાં હાથી વપરાતા રહ્યા. ઘોડાઓનું મહત્ત્વ પ્રમાણમાં ઓછું રહ્યું છે. મહારાણા પ્રતાપ અને શીવાજી, અને ૧૯મી સદીમાં રાણી લક્ષ્મીબાઈના કાળમાં ઘોડો ફોકસમાં આવે છે. હાથીને કારણે આપણે હારતા રહ્યા એવું એક અનુમાન છે. ઘોડા આપણા રાજાઓ આરબ સૌદાગરો પાસેથી ખરીદતા રહ્યા; પણ અશ્વઉછેરનાં ફાર્મ ન બનાવ્યાં, જ્યાં યુદ્ધ માટેના જરુરી ઘોડા ઉછેરીને તાલીમ આપી શકાય. સમયનાં પરીબળોને સમજ્યા વીના, અને આપણું જ ઉત્તમ અને શ્રેષ્ઠ છે એવી ઘમંડી ભાવના આપણી અવગતી માટે પ્રધાનતઃ જવાબદાર રહી છે. સીકંદર રાત્રે ઝેલમ નદી ઓળંગીને રાતના અંધકારમાં પાછળથી ત્રાટક્યો હતો. મહંમદ ઘોરીએ તઘલમા વ્યુહ પ્રમાણે ફરીને પાછળથી આક્રમણ કરીને ચૌહાણની સેનાનો ખુર્દો બોલાવ્યો હતો. અફઘાનો આવ્યા અને ઉંચાં ઉંટો ઉપર આતશબાઝ આગ ફેંકતા રહ્યા, જે સામેની સેનાનાં જાનવરોને ભડકાવવા માટે અને સૈન્યને તહસનહસ કરવા માટે પર્યાપ્ત હતું. આપણે શ્રેષ્ઠ બાણાવળીઓ હતા; પણ આપણે રૉકેટરી કે અગન ગોળા ફેંકવાની કલાને કેમ વીકસાવી નહીં ? મુઘલ બાબર સર્વ પ્રથમ તોપ લાવ્યો, જેમાં બારુદ ભરીને ફોડવામાં આવતી હતી. એણે તોપોને એકસાથે બાંધી રાખી હતી કે જેથી પોતાના સૈન્યમાં અરાજકતા ન ફેલાઈ જાય. મહમ્મદ ગઝની રણમાંથી પસાર થઈને સોમનાથ સુધી આવ્યો હતો, માર્ગમાં કુવાઓમાં ઝેર નાખવામાં આવ્યું હતું; પણ એ ઉંટો પર તરબુચ લાદીને આવ્યો હતો. તરબુચોને સહારે લશ્કર રણ પાર કરી ગયું અને પાણીની તકલીફ પડી નહીં. પોર્ટુગીઝ આલ્બુકર્ક મનવારો પર તોપો ફીટ કરીને આવ્યો હતો અને સમુદ્ર પરથી ગોળા વરસાવતો કુચ કરી ગયો હતો. અંગ્રેજ કંપનીનો રૉબર્ટ ક્લાઈવ જમીન માર્ગે અને વૉટ્સન સમુદ્ર માર્ગે દ્વીપાંખી આશ્ચર્ય-આક્રમણ કરીને નવાબની ગંજાવર સેનાને હરાવી ગયા અને પછી એ જ યુદ્ધનીતી પ્રમાણે સરપ્રાઈઝ આક્રમણથી હીન્દુસ્તાન જીતતા ગયા. અહમદ શાહ અબ્દાલીએ પાણીપતના ત્રીજા યુદ્ધ પુર્વે દુરથી મરાઠા છાવણીમાં રાત્રે સેંકડો આગના ટુકડાઓ(ચુલાઓ) જલતા જોયા અને એ ગભરાઈ ગયો. એણે પુછ્યું કે, યુદ્ધની આ કઈ તૈયારી ચાલી રહી છે? ઉત્તર મળ્યો કે, હીન્દુ સૈનીકો પોતપોતાની અલગઅલગ રસોઈ પકાવી રહ્યા છે. અબ્દાલીએ કહ્યું : હવે વાંધો નથી. જે લોકો સાથે રોટી પણ તોડી શકતા નથી એમને હરાવવા અઘરું નથી ! ૧૮૫૭માં દીલ્હીની અંગ્રેજ કંપનીના બે જવાન સીગ્નલર્સ બે છોકરાઓએ અંબાલા ટેલીગ્રાફ સંદેશો મોકલ્યો કે અહીં બળવો શરુ થઈ ગયો છે, અને અંગ્રેજ કંપની સતર્ક થઈ ગઈ. ચારે તરફથી ફોજી કુમકોની આવાજાહી વધી ગઈ. ડેલહાઉઝી ચાર વર્ષ પહેલાં જ હીંદુસ્તાનમાં ટેલીગ્રાફ લાવ્યો હતો. આ બે સીગ્નલર્સ છોકરાઓ મરી ગયા; પણ એમણે અંગ્રેજ કંપનીને બચાવી લીધી. એ દીવસોમાં પણ આપણે હજી ઢાલ-તરવાર યુગમાં હતા ! ઈતીહાસ વીષે એક પ્રખ્યાત વાક્ય છે જે આપણા દેશને બરાબર લાગુ પડે છે : ઈતીહાસ પાસેથી આપણે એક જ વસ્તુ શીખીએ છીએ કે, આપણે ઈતીહાસ પાસેથી કંઈ જ શીખતા નથી...

જ્યારે ૨૫ કરોડ આરબો, ૨૫ લાખ ઈઝરાયેલીથી હારી ગયા ત્યારે આરબ બૌદ્ધીકોમાં એક ઉગ્ર ચર્ચા જાગી હતી : આપણામાં શી ક્ષતીઓ હતી કે આપણે હારી ગયા? એ ક્ષતીઓ શોધો અને દુર કરો. આત્મગૌરવ એની જગ્યાએ છે અને લોહીલુહાણ યથાર્થ એની જગ્યાએ છે. આપણે તરત બદલાતા નથી, નવીનતા સ્વીકારતાં સંકોચ થાય છે. વૈજ્ઞાનીક-આધુનીક અભીગમ નથી, પરીવર્તન કે મૌલીક વીચારને અનુમોદન આપતા નથી. લાડુ હજારો વર્ષોથી ગોળ છે, રોટલી સેંકડો વર્ષોથી

વર્તુળાકાર છે, સાફ કરવાના અડધીયા ઝાડુનો આકાર બદલતા નથી, જે ઝાડુએ ઝુકેલા 'શુદ્ર'ની કમર તોડી નાખી છે. મીકેનીક્સ, તંત્રજ્ઞાન, એપ્લીકેશનનો ઉપયોગ કરીને કે પ્રયોગ કરીને મહેનતકશ માણસને ઓછી મહેનત પડે એ વીશે વીચારતા નથી. રેકર્ડ રાખતા નથી, ઐતીહાસીક દૃષ્ટી નથી, અમુર્ત કે આભાસીનું, મુર્ત કે વાસ્તવ કરતાં વધારે આકર્ષણ છે. નવી ટેકનોલૉજી ફાવતી નથી; કારણ કે એમાં વધારે શીસ્ત જોઈએ છે. સ્વચ્છતા અને શીસ્ત આપણાં લક્ષણો નથી. આપણાં બધાં જ વસ્ત્રો સીવ્યા વીનાના સીધા ટુકડાઓ હતાં : ધોતી, સાડી, પાઘડી, સાફો, ફેંટો, લુંગી, અંગવસ્ત્ર, ઉપવસ્ત્ર, ખેસ, ચાદર, કંચુકી આદી. સીવવાનું કેમ આપણે ત્યાં મોડું આવ્યું ? શતરંજની રમત લખવાની કોઈ પદ્ધતી નહોતી, સંગીતની સ્વરલીપી પશ્ચીમમાં લખાય છે, બીથોવન અને બ્રાહ્મ્ઝ અને લીટ્સ કેવી રીતે વગાડતા હતા એની સાબીતી છે, તાનસેન કેવી રીતે ગાતા હતા એ આપણને ખબર નથી. કુસ્તીમાં તાકાત નહીં; પણ દાવપેચનું પણ પ્રાધાન્ય છે, ક્રીકેટમાં આપણે સ્પીનીંગ માહીર છીએ, હૉકીમાં આપણું પ્રભુત્વ ડ્રીબલીંગમાં છે, ૫૦૦૦ કીલોમીટર હીંદુસ્તાનનો દરીયાકીનારો છે અને ગુજરાત પાસે દેશનો ત્રીજા ભાગનો દરીયાકીનારો છે-લગભગ ૧૬૬૦ કીલોમીટરનો; પણ આજ સુધી આંતરરાષ્ટ્રીય નહીં; પણ રાષ્ટ્રીય કક્ષાનો પણ એક પણ તૈરાક આપણે તૈયાર કર્યો નથી.

કદાચ આ ઉણપો નથી; પણ વીચીત્રતાઓ જરુર છે. અને વીચીત્રતાઓને કદાચ વીશેષતાઓના રુપે પણ આપણે જોઈએ છીએ. આપણે ત્યાં ઉપવાસ છે, આપઘાત નથી. આપણને બ્રહ્માંડના ૨૭ નક્ષત્રોની ગતીવીધીઓની ખબર છે, પુરા આકાશનો નકશો આપણે જ્યોતીષમાં ઢાળી શકીએ છીએ; પણ પાવાગઢની ઉંચાઈ કે નર્મદાની પ્રવાહગતી કે આપણા ગામનો નકશો નથી. સુર્યવંશી કે ચંદ્રવંશી ૭૦ પેઢીઓનું વંશવૃક્ષ છે; પણ માતાપીતાની લગ્નતારીખ કે દાદાની મૃત્યુતીથી આપણને ખબર નથી. આપણા પુર્વજોનાં પાંચ-છ પેઢીઓનાં નામો સુધી જઈને આપણું જ્ઞાન અટકી જાય છે. ગાંધીજી વીશે સેંકડો પુસ્તકો પ્રકટ થયાં છે; પણ ગાંધીજી કેટલા ફીટ કેટલા ઈંચ ઉંચા હતા, અથવા એમનાં ચશ્માંના નંબર કેટલા હતા અથવા એમનું વજન કેટલું હતું અથવા એમના ચપ્પલની સાઈઝ શી હતી એ વીશે આપણું અજ્ઞાન સંપુર્ણ છે.

આપણાં મંદીરો પર શીલ્પીનું નામ નથી, શેઠનું નામ છે. કોણે બંધાવ્યું એ છે; પણ કોણે બાંધ્યું એ નથી. કવીતા શીષ્યે લખી હોય, નામ ગુરુનું મુકી દીધું હોય. સમુદ્ર છે, સમુદ્રનું સાહીત્ય બહુ નથી. ચીત્રમાં વૃક્ષ છે જે ઓળખાતું નથી; પણ ચીનમાં ચીત્રનું વૃક્ષ વાંસ છે કે ક્રીસેન્થમન છે કે પ્રોમેગ્રેનેટ છે, એ તરત ખબર પડી જાય છે. આપણે ત્યાં માત્ર વૃક્ષ દેખાય છે. સંસ્કૃતમાં દ્વીવચન છે, પ્રાકૃતમાં દ્વીવચન નથી. સંસ્કૃત નાટકમાં પુરુષ સંસ્કૃત બોલે છે, સ્ત્રી પ્રાકૃતમાં બોલે છે; પણ ગણીકા સંસ્કૃતમાં બોલે છે . ટ્રેજેડી આપણે ત્યાં હતી, એવું વીદ્વાનો માને છે; કારણ કે સ્ત્રીને મંચન સમયે આવી જતી 'મુર્ચ્છા' ટ્રેજેડીને રોકતી હતી. આ વીચીત્રતાઓ કરતાં વીશેષતાઓ વધારે છે. દરેક પ્રજાની પાછળ ઈતીહાસથી માંડી ભુગોળ સુધી સેંકડો પરીબળો કામ કરતાં હોય છે.

અને એક દીવસ એવો આવે છે જ્યારે વીચીત્રતાઓ અને વીશેષતાઓ વચ્ચેની ભેદરેખા ભુંસાવા માંડે છે. માટે જ પાંચ હજાર વર્ષોથી આપણી હીંદુ સંસ્કૃતી ટકી છે, સ્વસ્થ રહી છે, સમર્થ બની છે.

**ક્લોઝ અપ**

*જર્મન પ્રજા લડાકુ રાષ્ટ્ર નથી; પણ સૈનીક રાષ્ટ્ર છે. એનો અર્થ એ છે કે એને યુદ્ધ જોઈતું નથી; પણ એનાથી ડરતું પણ નથી. એને શાંતી પ્રીય છે; પણ એને પોતાની પ્રતીષ્ઠા અને સ્વાતંત્ર્ય પણ પ્રીય છે.* ◆ **એડોલ્ફ હીટલર** ◆ (**'અવેકન ધ જાયન્ટ વીધીન' : એન્થની રોબીન્સ :** પૃષ્ઠ ૨૨૩)

**--ચન્દ્રકાન્ત બક્ષી**

રવીવાર તા. ૩૦ ઑક્ટોબર ૨૦૦૫ના **'દીવ્ય ભાસ્કર'** દૈનીકની રવીવારીય પુર્તી **'રસરંગ'**માંથી સાભાર...



બક્ષી સાહેબ પરીચયના મોહતાજ ખરા? એમની કલમ એ જ એમનો પરીચય..
જેમના નામ આગળ સ્વ. મુકી શકાતું નથી, તે, સદાબહાર ચન્દ્રકાન્ત બક્ષી..

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com
‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **111** -- **July 22, 2007**

◆●◆

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **3,75,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.
આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **5700** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM_ પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા ‘ઓપીનીયન’ માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બૉર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા ‘માતૃભાષા’ માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

◆●◆

## - - આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સુરીજી મહારાજ સાહેબ - -



## યજમાન-વાક્ય અને મહેમાન-વાક્યને સમજીએ, અપનાવીએ

તમે તાલુકાના ગામમાં રહેતા હો, કોઈ વ્યાવહારીક પ્રસંગે મોટા શહેરમાં જવાનું હોય, જેને ઘરે થેલી મુકવાની હતી તેને સમયસર સમાચાર મળે તેવા પ્રયત્ન પણ કરેલા. રેલગાડીના સમય એવા હતા કે બપોરે દોઢ વાગ્યે તેમના ઘરે પહોંચ્યા. તમે બે જણ હતાં. સવારે વહેલાં નીકળ્યાં હતાં એટલે માત્ર દુધ પીધું હતું. હવે અત્યારે કકડીને ભુખ લાગી હતી.

સામે પક્ષે યજમાનને સમાચાર મળ્યા જ ન હતા અને એમના ઘરમાં ખાનારા ચાર જણ હતાં. રસોડું આટોપી લીધું હતું. બપોરનો સમય એટલે કામથી પરવારી આડે પડખે થવામાં હતાં. ત્યાં તમે પહોંચ્યાં એટલે આવકાર આપી ઠંડું પાણી આપતાં સાથે કહે કે, ‘રસોઈ માંડી દઉં. હમણાં જ આ ઘડીએ તૈયાર થઈ જશે. તમે હાથ-મોં ધોઈ પરવારો ત્યાં જમવાનું તૈયાર થઈ જશે.’ - -આ યજમાન-વાક્યો છે.

તમે એમ કહેશો કે, ‘હા, શીરો બનાવી દો. જલદી તૈયાર થઈ જશે. ઝાઝી વાર પણ ન લાગે. વસ્તુય સારી લાગે.’

-કે પછી એમ કહેશો કે, ‘ના, ના, એવી તરખટ નહીં કરશો. ચા મુકી દો. ખાખરા આપો એટલે બરાબર થઈ રહેશે.’

શું કહેશો? કેમ કે તમે બોલશો તે મહેમાન-વાક્ય છે. તમારો વીવેકનો દીવો એટલો પ્રકાશ આપે છે કે આપણાથી આ બોલાય અને આ ન બોલાય !

આ વાત જો જીવનનાં બધાં જ ક્ષેત્રમાં સમજી લઈએ અને સ્વીકારી લઈએ તો જીવનનાં ઘણાં બધાં દુખો અને આફતો શમી જાય.

ગરબડ અહીંથી જ થાય છે. જે વસ્તુનું પરીવર્તન આપણા હાથમાં નથી ત્યાં જ આપણે થુંક ઉડાડીને જાતજાતની સલાહ આપવા ઉત્સુક બની જઈએ છીએ, આ લગામ જો મગજમાં હોય તો વાણીમાં કાબુ આવી જાય, જે બોલાય તે સમજપુર્વકનું જ બોલાય.

**- - આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સુરીજી મહારાજ સાહેબ**

સુરતથી પ્રકાશીત માસીક, **‘પાઠશાળા’**ના જુલાઈ ૨૦૦૬ના ૬૦મા અંકમાંથી સાભાર..

**સંપાદક-પ્રકાશક :** બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી, **રમેશ શાહ,** **સુરત**
ramesh_pathshala@yahoo.com

## • મધુરેણ સમાપયેત્ •




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
**ઈ-મેઈલ સંપર્ક :** mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
**web site** : www.ameamericanamdavadi.com

◆●◆



◆●◆